**તાપમાન**
મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૧૦૦ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૧૫ | ૫ જુલાઈ, ૨૦૧૬, મંગળવાર : અષાઢ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## આજે કેન્દ્રીય કેબિનેટમાં વ્યાપક ફેરફારો

**એનડીએ સરકારમાં હાલમાં કુલ ૬૬ પ્રધાનો છે : બંધારણ મુજબ મોદી ૮૨ પ્રધાન સુધી રાખી શકે છે : ગુજરાતનો દબદબો યથાવત રહેશે : પુરષોત્તમ રૂપાલા, મનસુખભાઈ માંડવીયા અને જસવંતસિંહ ભાભોરનો મંત્રીમંડળમાં સમાવેશ નિશ્ચિત જ્યારે મોહનભાઈ કુંડાલીયા અને મનસુખભાઈ વસાવાને સંગઠનમાં સમાવાય એવી શક્યતા**



નવી દિલ્હી,તા. ૪

જેની ઉત્સુકતાપૂર્વક રાજકીય વર્તુળો અને ખાસ કરીને ભાજપમાં રાહ જોવામાં આવી રહી હતી તે નરેન્દ્ર મોદી કેબિનેટમાં મોટા પાયે ફેરફારનો તખ્તો ગોઠવાઈ ગયો છે. આવતીકાલે મંગળવારે સવારે ૧૧ વાગે કેબિનેટમાં ફેરફાર કરવામાં આવનાર છે. સરકાર સાથે જોડાયેલા ટોપના સુત્રોએ કહ્યુ છે કે કેબિનેટમાં મોટા પાયે ફેરફાર કરવામાં આવનાર છે. આ મામલે રાષ્ટ્રપતિ ભવનને જાણ કરી દેવામાં આવી છે. આવતીકાલે સવારે ૧૧ વાગે રાષ્ટ્રપિત પ્રણવ મુખર્જી મોદી કેબિનેટમાં નવા ચહેરાઓને શપથ લેવડાવશે. વડાપ્રધાન મોદી સાથે એનડીએ સરકારમાં હાલમાં ૬૬ પ્રધાનો છે. બંધારણ મુજબ કુલ ૮૨ પ્રદાનો હોઈ શકે છે. સુત્રોએ કહ્યુ છે કે વડાપ્રધાન મોદી નવા ચહેરાઓને તક આપવા જઈ રહ્યા છે. નવા ચહેરાઓને લઈને ઉત્તરપ્રદેશ પર તમામની નજર કેન્દ્રિત કરવામાં આવી છે.મોદી અને પાર્ટી પ્રમુખ અમિત શાહ માટે રાજકીયરીતે ઉપયોગી ઉત્તરપ્રદેશ માટે રાજકીય ગણતરી મહત્વપૂર્ણ છે. આગામી વર્ષે ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી યોજનાર છે. સુત્રોએ કહ્યુ છે કે ઉત્તરપ્રદેશમાંથી ઓછામાં ઓછા બે નવા ચહેરાને કેન્દ્રિય કેબિનેટમાં તક મળી શકે છે. હાલમાં મોદી કેબિનેટમાં બે જગ્યા ખાલી છે. ભાજપના સર્બાનંદ સોનોવાલ હવે આસામના મુખ્યપ્રધાન તરીકે ગોઠવાઈ ગયા છે. આવી સ્થિતીમાં રમતગમત પ્રધાનની જગ્યા ખાલી છે. એક સીટ ભાજપના સાથી પક્ષ શિવ સેનાના હિસ્સાની પણ ખાલી છે. એમ માનવામાં આવે છે કે છેલ્લા ૪૫ દિવસમાં મોદીએ અમિત શાહ સાથે કેબિનેટમાં ફેરફાર અંગે અનેક વખત વાતચીત કરી છે. નામોને અંતિમ ઓપ આપતા પહેલા તમામ સાથે વાતચીત કરવામાં આવી છે. સાતમી જુલાઈના દિવસે વડાપ્રધાન ફરી ચાર આફ્રીકી દેશોની

● અનુસંધાન પાન-૭ પર

### ખરાબ હવામાન વચ્ચે ચારધામની યાત્રા ખોરવાઈ

દેહરાદુન, તા. ૪

ઉત્તરાખંડમાં આજે સતત ત્રીજા દિવસે ચારધામની યાત્રા ખરાબ વાતાવરણ અને ખરાબ રસ્તાઓના પરિણામ સ્વરૂપે મોકૂફ રાખવામાં આવી હતી. જેના કારણે હજારો શ્રદ્ધાળુઓમાં નિરાશાનું મોજુ રહ્યું હતું. અનેક જગ્યાઓએ ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે જેના પરિણામ સ્વરૂપે ચારધામની યાત્રા તરફ દોરી જતા માર્ગોને બંધ રાખવામાં આવ્યા છે. ઉત્તરાખંડમાં હાલમાં ભારે વરસાદ થયો છે અને હજુ પણ વરસાદ જારી રહ્યો છે. વરસાદના પરિણામ સ્વરૂપે પ્રદેશમાં અનેક જગ્યાઓએ ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. જેથી માર્ગો બ્લોક થઈ ગયા છે. બદ્રીનાથ હાઈવે પર સ્થિત નંદપ્રયાગ-ચમોલી માર્ગ પર મોટી સંખ્યામાં લોકો અટવાઈ પડ્યા હોવાના અહેવાલ મળ્યા છે.

## ઉત્તર પ્રદેશમાં પ્રિયંકા ગાંધી ૧૫૦ રેલી સંબોધી શકે છે

**કાર્યક્રમો નક્કી કરવામાં આવી રહ્યા છે : ઉત્તરપ્રદેશમાં ચૂંટણી પૂર્વે કોંગી પૂર્ણ તાકાત સાથે મેદાનમાં ઉતરવા માટે સંપૂર્ણપણે તૈયાર : નવી યોજના ઉપર કામો**

મેરઠ,તા. ૪

ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી આડે હજુ સમય છે પરંતુ રાજ્યમાં ચૂંટણીને લઈને તમામ રાજકી પક્ષો તેમની વ્યુહરચનામાં લાગી ગયા છે. કારણ કે આ રાજ્ય તમામ માટે ઉપયોગી છે. આ વખતે મુખ્યપ્રધાન અખિલેશ યાદવના નેતૃત્વમાં સમાજવાદી પાર્ટી સરકાર માટેપણ ચૂંટણી પડકારરૂપ બની શકે છે. ભાજપે તમામ તાકાત લગાવી દીધી છે. બીજી બાજુ કોંગ્રેસ પણ તેની હાજરી પુરવાર કરવા માટે તમામ



તાકાત સાથે મેદાનમાં આવી શકે છે. આના ભાગરૂપે જે વ્યુહરચના તૈયાર કરવામાં આવી રહી છે તે મુજબ કોંગ્રેસમાં નવા પ્રાણ ફુંકવા માટે પ્રિયંકા ગાંધીની મદદ લેવામાં આવી શકે છે. પ્રિયંકા ગાંધી મોટા પાયે પ્રચાર કરનાર છે. યુપી કોંગ્રેસ કમિટીના સભ્યે માહિતી આપતા કહ્યુ છે કે પ્રિયંકા ગાંધી ઉત્તરપ્રદેશમાં ૧૫૦ રેલીને સંબોધી શકે છે. યુપીસીસીના પ્રવકતાની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો આ વખતે આક્રમક પ્રચાર કરવામાં આવનાર છે. પ્રિયંકા અમેઠી અને રાયબરેલી ઉપરાંત સમગ્ર ઉત્તરપ્રદેશમાં પ્રચાર કરનાર છે. હજુ સુધી તમામ સ્ટાર નેતાઓના પ્રચારના કાર્યક્રમને આખરી ઓપ આપવા માટેની હિલચાલ ચાલી રહી છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પણ પ્રચાર કરનાર છે. કોંગ્રેસના અન્ય નેતાઓના કાર્યક્રમ પણ તૈયાર કરાઈ રહ્યા છે.

## નીટ મામલે કેન્દ્રના વટહુકમ સામે સુપ્રીમમાં સાતમીએ સુનાવણી

**સુનાવણી પર તમામની નજર કેન્દ્રિત : વ્યાપમ કૌભાંડનો પર્દાફાશ કરનાર કાર્યકર દ્વારા દાખલ કરાયેલા નીટ અંગેની અરજીમાં વટહુકમને રદ કરવાની માંગણી : સુપ્રિમ કોર્ટના ફેંસલા પર નજર**

નવી દિલ્હી, તા.૪

મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રિમ કોર્ટ કેન્દ્ર સરકારના નીટના વટહુકમને પડકરા ફેંકીને દાખલ કરવામાં આવેલી અરજી પર સાતમી જુલાઈના દિવસે સુનાવણી હાથ ધરનાર છે. કેન્દ્ર સરકાર વટહુકમ જારી કરીને નીટને એક વર્ષ સુધી મોકુફ રાખવા અંગેનો આદેશ જારી કર્યો હતો. ચીફ જસ્ટીસ ટી.એસ. ઠાકુરના નેતૃત્વમાં બેંચે આજે કહ્યું હતું કે આ મામલામાં જસ્ટીસ અનિલ આર. દવેના નેતૃત્વમાં બેચ દ્વારા સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. અનિલ આર. દવે દ્વારા અગાઉ ચકાસણીના મામલામાં મોકુફી આદેશ જારી કર્યો હતો. કોર્ટ દ્વારા આરોગ્ય કાર્યકર આનંદ રાય દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી ચલાવી હતી. આનંદ રાયે વ્યાપમ કૌભાંડને સપાટી પર લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી છે. મધ્યપ્રદેશમાં પ્રવેશ અને ભરતી કૌભાંડને આવરી લેતા વ્યાપમ કૌભાંડને લઈને ભારે હોબાળો થયો હતો. કેન્દ્ર સરકારના વટહુકમને પડકાર ફેંકીને આનંદ રાય દ્વારા અરજી કરવામાં આવી છે. અરજીમાં માંગ કરવામાં આવી છે કે કેન્દ્ર સરકારના વટહુકમને રદ કરવામાં આવે તે જરૂરી છે કારણ કે આ આદેશ ઉતાવળમાં જારી કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે શરૂઆતમાં સુપ્રિમ કોર્ટના આદેશને સ્વીકાર લીધો હતો. જોકે મોડેથી વટહુકમના સંદર્ભમાં કેટલાક કારણો આપ્યા હતા. કેન્દ્ર સરકારના નિર્ણયને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કેન્દ્ર સરકારને નીટના સંબંધમાં આદેશ જારી કરીને એક વર્ષ સુધી નીટનો મોકૂફ રાખવાનો આદેશ જારી કર્યો હતો. આને લઈને કેટલાક લોકો દ્વારા હોબાળો પણ મચાવવામાં આવ્યો

● અનુસંધાન પાન-૭ પર



નેત્રોત્સવ - રથયાત્રા પૂર્વે ઉજવાતા પારંપારિક પ્રતિકાત્મક નેત્રોત્સવ અન્વયે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામજી મોસાળથી પરત ફરતા આંખો આવતા પાટા બાંધ્યા હતા... અષાઢી બીજની પ્રભાતે પાટા ખોલી આરતી ઉતારી ભગવાન નગરચર્યાએ નીકળશે.... શહેરના પંચદેવ મંદિરથી પ્રસ્થાન કરી નગરના પરંપરાગત માર્ગો પર રથયાત્રાનું ભવ્ય સન્માન કરાશે.

## રાજ્યમાં ૧૪૯ રથયાત્રા નીકળશે

અમદાવાદ,તા. ૪

ગુજરાત રાજ્યમાં બુધવારના દિવસે રથયાત્રા અને રમજાન ઈદની એક સાથે ઉજવણી કરવામાં આવનાર છે. રાજ્યમાં ચાલુ વર્ષે ભગવાન જગન્નાથની ૧૦૩ રથયાત્રાઓ તથા અન્ય દેવી દેવતાઓની ૪૬ શોભાયાત્રાઓ યોજવામાં આવનાર છે. એમ એકંદરે ૧૪૯ રથયાત્રા-શોભાયાત્રા કાઢવામાં આવનાર છે. આણંદ, નડિયાદ, કપડવંજ, મહુવા, ડાકોર, ખંભાત, ભાદરણની કુલ સાત રથયાત્રાઓ નીકળશે.

રથયાત્રા તથા રમજાન ઈદને ધ્યાનમાં લઈને રાજ્યના અલગ અલગ એકમોને બહારથી ડીજીપી કચેરીથી જંગી પોલીસ ફોર્સની ફાળવણી કરવામાં આવી છે. રાજ્યમાં રથયાત્રા અને રમજાન ઈદના બંદોબસ્ત અર્થે ૪૭ સીઆરપીએફની કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. જ્યારે સીએપીએફ અને એસએપીની ૪૨ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. એમ એકંદરે કુલ ૮૯ કંપનીઓ તૈનાત કરવામાં આવી રહી છે.

અન્ય શહેર જિલ્લા ખાતે હાલમાં ૫૫ એસઆરપી, બીડબલ્યુએચજી કંપનીઓ મળીને કુલ ૧૪૪ કંપનીઓ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા માટે સક્રિય થયેલી છે.

## રાજ્યભરમાં મેઘમહેર

**સોનગઢ-વ્યારામાં સાત ઈંચ : ગુજરાતના ૭૮ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો : બારડોલીમાં ચાર ઈંચથી વધુ વરસાદ નોંધાયો : સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં મેઘ મહેર યથાવત : ગુજરાતના વિવિધ ભાગોમાં ભારે વરસાદની ચેતવણી**





અમદાવાદ, તા. ૪

ગુજરાતના વિવિધ ભાગોમાં ધોધમાર વરસાદ આજે પણ જારી રહ્યો હતો. ગુજરાતના ૭૮ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે. રાજુલા, જાફરાબાદ, અમરેલી ખાંભામાં ભારે વરસાદ પડ્યો છે. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં રાત્રી ગાળાથી શરૂ થયેલો ભારે વરસાદ આજે પણ જારી રહ્યો હતો. વહેલી પરોઢથી રાજુલા, જાફરાબાદ, અમરેલી, ગીર સાસણ, ધારી, લાઠી, ઉના સહિતના વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ રહ્યો છે. એકબાજુ રાજુલામાં ત્રણ કલાકના ગાળામાં આઠ ઈંચથી વધુ વરસાદ નોંધાઈ ગયો છે. જ્યારે જાફરાબાદમાં ચારથી ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. ભારે વરસાદના કારણે અનેક જગ્યાઓએ વૃક્ષો ધરાશાયી થવાના બનાવો બન્યા છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી પણ ભરાઈ ગયા હતા. ભારે વરસાદના કારણે જનજીવન ઉપર પણ અસર થઈ છે. બીજી બાજુ રાજ્યમાં અવિરત વરસાદના પરિણામ સ્વરૂપે રાજ્યમાં ૭૮ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે. સોનગઢ અને વ્યારામાં ૭ ઈંચ અને બારડોલીમાં ૪ ઈંચ વરસાદ પડ્યો છે.

ગુજરાતના વિવિધ ભાગોમાં ભારે વરસાદની આગાહી હજુ પણ કરવામાં આવેલી છે. ગુજરાતમાં આગામી પાંચ દિવસ દરમ્યાન વરસાદની આગાહી યથાવત છે. આજે સૌરાષ્ટ્ર અને કચ્છના જે ભાગોમાં વરસાદ પડ્યો હતો તેમાં અમરેલી, ભાવનગર, પોરબંદર, રાજકોટ, વેરાવળ, મહુવાનો સમાવેશ થાય છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે ભારે વરસાદ થઈ શકે છે. દરિયાકાંઠાના રાજુલા અને જાફરાબાદ પંથકમાં સવારથી જ ભારે વરસાદ થયો છે.

કલાકોના ગાળામાં જ અનરાધાર વરસાદ પડ્યો હતો. અનેક જગ્યાઓએ વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. જુદા જુદા જળસ્રોતમાં પાણીની આવક થઈ ગઈ છે.

ખાંભા તાલુકામાં મેઘરાજા મહેરબાન રહ્યા છે. અમરેલી, રાજુલા અને જાફરાબાદમાં હાલના વરસાદના કારણે નદીઓમાં પાણીનું પ્રમાણ વધી રહ્યું છે. રાજ્યના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલ મુજબ છેલ્લા ૨૪ કલાકમાં અરવલી જિલ્લામાં મોડાસા તાલુકામાં ચાર ઈંચથી વધુ વરસાદ થયો છે. પંચમહાલ જિલ્લામાં શહેરા તાલુકામાં ૧૨૦ મીમી અને તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં ૧૦૪ મીમી મળીને કુલ ૩ તાલુકામાં ચાર ઈંચથી વધુ વરસાદ થયો છે. બે તાલુકાઓમાં સાત ઈંચથી વધુ અને સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં પાંચ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં સૌથી વધુ સાત ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે વ્યારામાં સાત ઈંચની આસપાસ વરસાદ નોંધાયો છે. ગોધરા તાલુકામાં ત્રણ ઈંચથી વધુ વરસાદ થયો છે. રાજ્યમાં વિજયનગર, ભીલોડા તાલુકા સહિત ૩૦ તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ થયો છે. જ્યારે ૧૮ તાલુકામાં અડધો ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે.

### ગોધરા જળબંબાકાર : મેશરી નદીમાં પુર

ગોધરામાં રવિવારે મોડી રાતથી શરૂ થયેલા મુશળધાર વરસાદને લઈ શહેરમાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. અને નિચાણવાળા વિસ્તારોમાં વરસાદી પુરના પાણી ઘરોમાં ફરી વળ્યાં હતા. તો અહીંથી પસાર થતી મેશરી નદીમાં પુર આવી જતાં નદીના ધસમસતાં પુરમાં ૫૦થી વધુ પશુઓ તણાઈ ગયા હતા. જ્યારે નદી કાંઠાના વિસ્તારો પુરના પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ વિસ્તારોમાં રાહત બચાવ કામગીરી માટે એનડીઆરએફની ટીમ કામે લાગી ગઈ હતી.




ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

### દુઃખદ અવસાન



સખેદ જણાવવાનું કે, અમારા પુત્રવધુ **અ.સૌ. રાગીણીબા વિશ્વેન્દ્રસિંહ માટેડાનું** તા. ૩૦/૬/૨૦૧૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૭/૭/૨૦૧૬ને ગુરૂવારના રોજ અમારા નિવાસસ્થાને સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ કલાક** દરમિયાન રાખેલ છે.

નિવાસસ્થાન : પ્લોટ નં. ૧૨૬૩/૨, સેક્ટર-૫/એ, ગાંધીનગર

લી.

**વિશ્વેન્દ્રસિંહ એચ. માટેડા** — **હરેન્દ્રસિંહ ડી. માટેડા**
**સૌમ્યરાજસિંહ વી. માટેડા** — **ગજેન્દ્રસિંહ ડી. માટેડા**
**કુલદિપસિંહ જી. માટેડા**